

ઉત્તર ગુજરાતના સરઢવમાં એરંડાના ખેતરમાં લુકુડી ઈયળના ત્રાસથી ખેડૂત થયો બેહાલ

# પ્રાંતિજમાં વેરા બાકીદારો - શરતભંગ દુકાનદારો તથા દબાણકર્તાઓ સામે પાલિકાએ નમતું જોખ્યું

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના પોતાના જ આંબેડકર શોપીંગ સેન્ટર ખાતે દુકાનમાલિકો દ્વારા શરતભંગ અને વેરાબાકી તથા બજાર વિસ્તારમાં સેડ બોડ નળતરરૂપ સામે લાલ આંખ કરી હતી પણ કેટલાક નગરપાલિકા કોર્પોરેટરો દ્વારા વિરોધ કરવામાં આવતાં સીલીંગ પ્રક્રિયા મોકુફ રાખવામાં આવી હતી. આ અંગે સામાન્ય સભામાં નિર્ણય લેવામાં આવશે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ પાલિકાનું આંબેડકર શોપીંગ સેન્ટરમાં આવેલ દુકાન માલિકો દ્વારા પાલિકામાં છેલ્લાં ત્રણ વર્ષથી દુકાનોનો વેરો નહી ભરતાં તથા કેટલાક દુકાનો માલિકો દ્વારા પાલિકાની વગર મંજુરી વગર શોપીંગ સેન્ટરમાં શરતભંગ કરી આડેધડ બાંધકામ કરી પાલિકાના નિયમોની એસીકી તૈસી કરી તથા બજાર વિસ્તારમાં બોડ સેડ દબાણકર્તાઓને તથા પાલિકા શોપીંગ સેન્ટરમાં દુકાનદારોને પાલિકા દ્વારા બબ્બે વાર નોટીસો આપ્યા છતાં દુકાન માલિકો દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી દુકાન વેરો ભરવામા આવ્યો નથી તો બીજીબાજુ પાલિકા પોતાના જ શોપીંગમાં કેટલાક દુકાનદારો દ્વારા



તસવીર : સંજય રાવલ

દુકાનોમા શરતભંગ કરી છતાં નગરપાલિકા દ્વારા દુકાન માલિકોને બબ્બેવાર નોટીસ આપ્યા બાદ પણ દુકાનમાલિકો પાલિકાનો વેરો ના ભરતા આજે નગરપાલિકાના ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ પોલીસ પ્રોટેક્શન સાથે સીલ મારવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો પણ કેટલાક નગરપાલિકાના કોર્પોરેટરો દુકાનદારો વ્હાલા થતાં વિરોધ કરતાં આજે આંબેડકર શોપીંગ સેન્ટરમાં તથા બજારમાં દબાણને લઈને કરવામાં આવનાર કામગીરી મોકૂફ રાખવામાં આવી હતી તો એક બાજુ કેટલાક કોર્પોરેટરો દ્વારા પાલિકા દ્વારા વેરા વસુલ સહિત કડક કાર્યવાહી થાય તેવું ઈચ્છી રહ્યાં છે. કેટલાક વેપારીઓ તરફે હોવાથી હાલ તો સીલીંગ, દબાણ સહિતનું કામ પડતું મુકાયું હતું ત્યારે શું આવનાર દિવસોમાં સામાન્ય સભામાં આની યોગ્ય ચર્ચાઓ થશે કે કેમ એ પણ એક પ્રશ્ન છે ત્યારે ખુદ નગરપાલિકા પોતાના જ શોપીંગ સેન્ટરમાં જ વેરા માટે બબ્બે નોટીસો આપ્યાં બાદ પણ વેરા વસુલ કરી શકતી નથી તો આની અસર અન્ય જગ્યાએ પણ પડે તો નવાઈ નહીં ત્યારે હાલ તો ગાજ્યા મેધ વરસ્યા નહીં તેવું લાગી રહે છે.

# ડીસાની નવજીવન બી.એડ. કોલેજમાં રમોત્સવ યોજાયો

ડીસા, તા. ૧૦

બનાસકાંઠાના ડીસા ખાતે કાર્યરત નવજીવન બી.એડ્. કોલેજનો રમોત્સવ ડીસા સ્પોર્ટસ હરેશભાઈ ચૌધરી, ડીસા સ્પોર્ટસ કલબના પ્રમુખ ડૉ. કિશોરભાઈ આસ્નાની, કમિટી મેમ્બર હરેશભાઈ રાવલ તેમજ બીએડ ક્રિકેટ, વોલીબોલ, સંગીત ખુરસી, કબડ્ડી, ઉંધી દોડ, ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ વગેરે સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.



તસવીર : કાંતિલાલ લોધા

કલબના વિશાળ મેદાનમાં યોજાયો હતો. આ રમતોત્સવમાં જુદી- જુદી ૧૫થી વધુ સ્પર્ધાઓમાં ૧૯૦ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રમોત્સવની શરૂઆતમાં કોલેજનાં આચાર્ય ડૉ. ટીનુબેન સોનીએ મહેમાનોનો શાબ્દિક પરીચય આપી તેમને આવકાર્યા હતા. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ અને સદભાવના ગૃપ, પાલનપુરના ચેરમેન કોલેજનાં ટ્રસ્ટી બાબુભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી મશાલ જલાવી આ રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે હરેશભાઈ ચૌધરીએ જણાવ્યુ હતું કે, શિક્ષકે હંમેશા શારિરીક અને માનસિક પરિપક્વ રહેવું જોઈએ. ડૉ. કિશોરભાઈ આસ્નાનીએ ચાણક્યની વાત કરી જણાવ્યુ કે શિક્ષક કભી સાધારણ નહી હોતા. રમોત્સવમાં સેમ-૨ અને સેમ-૪ના ૧૯૦ થી વધુ તાલીમાર્થીઓએ રમોત્સવનું સમગ્ર સંચાલન પ્રો. અમિતકુમાર સોલંકીએ કર્યુ હતું. આ રમતોત્સવને સફળ બનાવવા કોલેજ પરિવારના પ્રો.પુષ્પાબેન પટેલ, પ્રો.પ્રફુલભાઈ પટેલ, પ્રો.જયેશભાઈ ઠક્કર, પ્રો.નિરવભાઈ પરમાર, પ્રો.કિરણબેન ચૌધરી તેમજ પ્રો.ઈમરાખાન બલોચે ભારે જહેમત ઉઠાવી હતી. કોલેજના રમોત્સવમાં તાલીમાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું.

## ધાનેરા તાલુકામાં જાહેર હાઈવે રોડ પર દવાખાનાનો વેસ્ટ કચરો નંખાઈ રહ્યો છે

દવાખાનાનો વેસ્ટ કચરો તેમનાં વેસ્ટ વાહનો માં નાંખવાનો હોય છે અથવા કોઈ અજાણી જગ્યાએ ખાડો ખોદીને દાટવો જરૂરી છે પરંતુ ધાનેરા થી નેનાવા રોડ પર એક કાર્ટૂન ભરેલ વેસ્ટ કચરો ખાલી શીશીઓ ખુલ્લે આમ નાંખેલી હતી જે રસ્તા પર નાનાં બાળકો નાં હાથમાં આવે અને તે ભયંકર દવાની શીશીઓ મોમાં નાખી રમતાં બાળકો ને મોટું નુકશાન થાય તેવી સ્થિતિ છે. નેનાવા રોડ હાઈવે પર આ દશ્ય જોવા મળ્યા હતા તો ધાનેરા હેલ્થ ઓફિસર ડોકટરો ને કડક સુચના આપી વેસ્ટ કચરો નાં નાખે તેવી સુચના આપે તે જરૂરી છે.

## ટેબડાની સીમમાં જીપે બાઈકને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૦

પોશીના તાલુકાના ટેબડા ગામની સીમમાં શનિવારે જીપ અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં ગંભીર ઈજાને કારણે એક ઈસમનું મોત નિપજ્યુ હતુ તથા અન્ય બે જણાને ઈજા થઈ હતી જે અંગેની ફરીયાદ રવિવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના રાયણીયા ગામના મણાભાઈ રેમાભાઈ ખોખરીયાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત શનિવારે ટેબડા ગામની સીમમાંથી પસાર થઈ રહેલ જીપ નં. જીજે.૧૫.સી.૭૪૯૩ના ચાલકે જીપને ગફલતભરી રીતે હંકારી અહીંથી પસાર થતી બાઈક નં. જીજે.૦૯.સીએચ.૦૧૯૯ને હડફેટે લઈ ટક્કર મારતા બાઈક પર બેઠેલ વિરમાભાઈને ગંભીર ઈજા થઈ હતી જેથી તેમનુ મોત નિપજ્યુ હતુ.

# ઈટ રાઈટ ઈન્ડિયા મુવમેન્ટ સાયકલ યાત્રાનું પ્રસ્થાન

મહેસાણા, તા. ૧૦

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના





એફ.એસ.એસ.એ.આઈ દ્વારા સમગ્ર ભારતમાં ખોરાક અંગેની જનજાગૃતિ માટે આયોજીત સ્વસ્થ ભારત યાત્રા- સાયકલ યાત્રાનુ પ્રસ્થાન પ્રાન્ત અધિકારી પી.બી. રાઠોડે કરાવ્યું હતું. ઈટ રાઈટ ઈન્ડિયા મુવેમેન્ટના ભાગ રૂપે ૮ તારીખે સાયકલ યાત્રાનો મહેસાણા જિલ્લામાં પ્રવેશ થયો હતો. જે દિવસે સાયકલ યાત્રિકોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ બીજા દિવસે પ્રભાત ફેરી અને પબ્લીક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે શહેરના વિવિધ સ્થળોએ ખોરાક અંગેની જાગૃતિ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યું હતું.

ગુજરાતમાં આવેલી સાયકલ યાત્રા જેનો આરંભ ગોવા રાજયમાંથી થયો હતો. ગુજરાતમાં સાયકલ યાત્રા ૭૯૧ કિલોમીટર ૧૨ જિલ્લા અને ૨૪ દિવસનો પ્રવાસ કરી લોકોમાં ખોરાક અંગે જાગૃતિ લાવવાનું કામ કરી રહી છે. જે સાયકલ યાત્રાને સોમવારે સવારે પ્રાન્ત અધિકારીએ લીલીઝંડી આપી બનાસાકાંઠા જિલ્લા તરફ પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપરાંત બેટનની પણ આપલે કરાઈ હતી.

આ પ્રસંગે એન.સી.સી કર્નલ સંદિપ સિંઘ, પ્રાન્ત અધિકારી પી.બી. રાઠોડ, એફ.એસ.એ.આઈના અધિકારી સતિષકુમાર, જિલ્લાના અધિકારીઓ, સાયકલીસ્ટો ઉપસ્થિત રહ્યા હતા.

## નાસતા ફરતા ત્રણ શખ્સ પકડાયા

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, ઈડર અને હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ બાદ ત્રણ શખ્સો પોલીસને થાપ આપીને નાસતા ફરતા હતા. જે અંગે એલસીબીએ બાતમીને આધારે ત્રણેય જણાને તાજેતરમાં અલગ અલગ સ્થળેથી ઝડપી લઈ સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં વધુ તપાસ માટે મોકલી આપ્યા હતા.

ઈડર પોલીસ સ્ટેશનમાં ચાર વર્ષ અગાઉ મનશીજી બરજાજી વણજારા વિરૂદ્ધ નોંધાયેલી ફરીયાદ બાદ તે ઘણા સમયથી નાસતા ફરતા હતા. જેને એલસીબીએ રાજસ્થાનના રેલમંગરા ગામેથી ઈડર આવ્યો હોવાની માહિતી મળતા તેને ઝડપી લેવામાં આવ્યા હતા. વધુ તપાસ માટે ઈડર પોલીસને હવાલે કરાયા હતા.

તેજ પ્રમાણે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૬માં છેતરપીંડીના ગુનામાં કિરણકુમાર રમેશચંદ્ર મોદી વિરૂદ્ધ નોંધાયેલી ફરીયાદ બાદ બાતમીને આધારે તાજેતરમાં તેને અમદાવાદના નરોડામાં આવેલ પ્રેરણાતિર્થ સ્કૂલ પાસેના સ્વામિનારાયણ પાર્કમાંથી ઝડપી લઈ પ્રાંતિજ પોલીસના હવાલે કરાયા હતા તથા હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ૧૮માં ફહિમઅહેમદ ગુલામમહમદ સૈયદ વિરૂદ્ધ નોંધાયેલી ફરીયાદ બાદ તે પોલીસની નજર ચુકવી નાસતા ફરતા હતા.

# અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય કાર્યરત

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય તેના હાલના સ્થળથી ખસેડીને મોડાસામાં ડ્રિમલેન્ડ થિયેટર, સહયોગ ચોકડી બાયપાસ રોડ ખાતે કાર્યરત



કરવામાં આવ્યું છે.

આજરોજ હાલના મેઘરજ રોડના સ્થળેથી હવે અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય નવા સ્થળે ડ્રિમલેન્ડ થિયેટર ઉપર વિધિવત પ્રવેશ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીના હસ્તે પૂજાવિધિ કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ.ખાંટ પણ પૂજાવિધિમાં જોડાયા હતા. તે બાદ ભારત માતા કી જયના જયઘોષ સાથે ભાજપના બુઝર્ગ અગ્રણી રાજાકાકાના હસ્તે શ્રીફળ વધેરી કાર્યાલયમાં મંગલ પ્રવેશ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, પ્રદેશ સભ્ય કનુભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નિલાબેન મોડિયા, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, જયેશભાઈ આર.પટેલ, મહેશભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, ભીખુસિંહ પરમાર, પી.સી.બરંડા, પૂર્વ પાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, જિલ્લા સહકારી સંઘના ડિરેકટર હસમુખભાઈ પટેલ જિલ્લા મહિલા મોરચા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, તાલુકા અને જિલ્લાના દરેક તાલુકાના પક્ષના સંગઠનના પદધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# શામળાજી પોલીસે વિદેશી દારૂ જપ્ત કર્યો

મોડાસા, તા. ૧૦

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને. હા.નં-૮ પર આવેલા અણસોલ ગામની સીમમાંથી રાજસ્થાનના તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા હોન્ડા સિવિક કારમાંથી રૂ. ૯૯૧૪૮ અને ઈન્ડિકા કારમાંથી રૂ.૨૬૮૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી બે શખ્સોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસ સ્ટેશનના પો.સ.ઈ મેહુલ ચૌહાણ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાંથી હોન્ડા સિવિક કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૮૭ કીં. રૂ. ૯૯૧૪૮નો જથ્થો જપ્ત કરી બંસીલાલ ભેરુજી સુથાર (રહે, ડુંગરી બસ્સી, સલુમ્બર, રાજસ્થાન)ની ધરપકડ કરી કારની કીં. રૂ.૧૫૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૪ કીં.રૂ.૨૦૦૦ મળી કુલ રૂ.૨૫૧૧૪૮નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કાર ચાલક જાડેજા નામનો શખ્સ અને સિવિક કારમાં દારૂ ભરી આપનાર સલુમ્બરના બસ્સી બસ સ્ટેન્ડ પાસે રહેતા સુરેશ ઉર્ફે બોડો સોની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અન્ય ઈન્ડિકા કારમાંથી અણસોલ ગામ નજીકથી કઠલાલના બુટલેગર પ્રદીપ ગોરખ સલુખેની ધરપકડ કરી વિદેશી દારૂ બોટલ/ ક્વાંટરીયા નંગ-૮૪ જેની કીં. રૂ.૨૬૮૦૦ કારની કીં. રૂ.૧૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કીં. રૂ.૧૦૦૦ મળી કુલ રૂ.૧૨૭૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના રાણી રોડ પર આવેલા ઠેકા પરથી વિદેશી દારૂ ભરી આપનાર મામુ નામના શખ્સ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કંબોઈ ગાયત્રી વિદ્યાલય ખાતે મુખ્યદ્વારનું ખાત મુર્હુત

સોમવારે સવારે ગાયત્રી વિદ્યાલય કંબોઈ કેળવણી મંડળ સંચાલિત ગાયત્રી વિદ્યાલયમાં



તસવીર : આશારામ રાવલ

મુખ્ય ગેટનું શુભ ચોઘડિયે ખાત મુર્હત કરાયું. આ ગાયત્રી વિદ્યાલયમાં ૯ થી ૧૨ ધોરણ સુધી અભ્યાસ ચાલે છે. તેમાં આજે મુખ્ય દરવાજાનું ખાત મુર્હત દાતા સ્વ દેવચંદભાઈ શાહ પરિવાર દ્વારા રૂ ૫,૫૧૦૦૦નું માતબર દાન હાઈસ્કૂલના મુખ્ય દરવાજા માટે આપેલ. તેઓ કંબોઈના વતની છે અને ધંધાર્થે સુરત ખાતે રહે છે. તેમના પરિવારના દાતા પ્રકાશભાઈ શાહ, દિનેશભાઈ શાહ હાલ અમેરિકા ઉપસ્થિત રહી મુખ્ય દ્વાર દરવાજાનું શુભ ચોઘડિયે ખાતમુર્હત કરેલ ત્યારે ગાયત્રી વિદ્યાલય કંબોઈ કેળવણી મંડળના પ્રમુખ વેણીદેવસિંહ સોલંકી દ્વારા મુખ્ય દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય માલસિંહ જાદવ, દેવુસિંહજી સોલંકી વા.ચેરમેન કંબોઈ દૂધ ઉ.સ.મંડળી, વેણીદેવસિંહ સોલંકી,ગોપાળસિંહ સોલંકી ચેરમેન બાંધકામ સમિતિ બનાસકાંઠા, રાણાજી સોલંકી, હિન્દુજી સોલંકી, વિનુભા સોલંકી, ગાડાજી વાઘેલા, સજ્જનસિંહ સોલંકી મહામંત્રી કાંકરેજ યુવા જાગીરદાર રાજપૂત કેળવણી મંડળ, રામભા સોલંકી, ધારસિંહ સોલંકી, લાક્ષમણસિંહ સોલંકી, વેલાભાઈ દેસાઈ, વાલસિંહ સોલંકી, વિજુભા સોલંકી, મફાજી સોલંકી, વિસાજી સોલંકી અને શિક્ષક સ્ટાફ અને ગામલોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# મોટાકોટડા ડી. કે. વ્યાસ હાઈસ્કુલમાં વ્યાયામખંડનું ખાતમુર્હુત યોજાયું

ભિલોડા,તા.૧૦

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટાકોટડા ગામની શ્રી મોટાકોટડા સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત શ્રી ડી.કે.વ્યાસ હાઈસ્કુલ અને માતૃશ્રી દિવાળીબા રે.ઘ.પ્રજાપતિ ઉ.મા. વિભાગ હાઈસ્કુલ કંપાઉન્ડમાં તા.૮/૧૨/૨૦૧૮ ને શનિવારના રોજ વ્યાયામખંડનું ખાતમુર્હુત સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડના વરદ્ હસ્તે યોજાયુ હતું.સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડએ વ્યાયામ ખંડ માટે રૂા.૪,૦૦,૦૦૦/- ફાળવેલ છે. મોટાકોટડા ગામના દલાભાઈ જીવાભાઈ પટેલના પુત્ર સ્વ.કલ્પેશભાઈ પટેલના સ્મરણાર્થે રૂા.૭,૫૧,૦૦૦/- નું માતબર દાન વ્યાયામ ખંડ માટે જાહેર કરેલ છે. સાબરકાંઠા જીલ્લા પંચાયત પ્રમુખ રતનબેન કે. સુતરીયાએ પોતાના સ્વભંડોળમાંથી રૂા.૫,૦૦,૦૦૦/- ફાળવેલ છે. રાજયસભાના સાંસદ મધુસુદનભાઈ મિસ્ત્રીએ રૂા.૨,૦૦,૦૦૦/- વ્યાયામ ખંડ માટે ફાળવેલ છે. વ્યાયામ ખંડ માટે મળેલ રકમ, ફંડ, દાતાઓને મોતીભાઈ રે.પ્રજાપતિએ બિરદાવ્યા હતા. બાળકોના શારિરીક વિકાસની સમજ આપી હતી. સરસ્વતી માતાનું મંદીર, મુર્તીનું દાન ટ્રસ્ટી ભીખાભાઈ પ્રતાપભાઈ પટેલએ કર્યુ હતી. વ્યાયામ ખંડના ખાતમુર્હુત કાર્યક્રમ પ્રસંગે અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મોટાકોટડા સાર્વજનિક ટ્રસ્ટ, મંત્રી કેશુભાઈ પી.પટેલ, આચાર્ય રમણભાઈ બી.પટેલ, સ્ટાફ પરીવાર, સરપંચો, આગેવાનો, સામાજીક કાર્યકરો, ધારાપુર-છાપરીયા, દેવાસણ, મોટાકોટડા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ડીસા શહેરમાં પ્રસિદ્ધી ધરાવતી અને નાના લોકોને આર્થિક રીતે પગભર બનાવવા ધિરાણ કરતી ધી પીપલ્સ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.ડીસા દ્વારા સાધારણ સભાની સાથે રસ રોટલી પ્રસાદના કાર્યક્રમમા ઉપસ્થિત રહી આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'બેટી બચાવો બેટી પઢાવો' યોજનાને પ્રોત્સાહન આપવા ફોટો પ્રદર્શની ખુલ્લી મુકી 'દીકરીને પણ જન્મવાનો અધિકાર છે' સહી ઝુંબેશમા ભાગ લીધો હતો. સાધારણ સભાની સાથે સાથે સમાજને ધાર્મિક અને સામાજિક રીતે સમજ આપવાના આ ત્રિવિધ કાર્યક્રમ દ્વારા બીજા સમાજોને પણ શીખ આપતા આયોજકોને કોટી કોટી વંદન...